## પ્રેસ નોટ

## ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્પર્ધાત્મક પરિક્ષાના માર્ગદર્શક વર્ગોનો પ્રારંભ કરાયો.

ગુજરાત યુનિવર્સિટી એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેઇનીંગ ખાતે સ્પર્ધાત્મક પરિક્ષામાં બેસવા માંગતા અને ઉજજવળ કારકિર્દી બનાવવા માંગતા જરૂરિયાતવાળા વિધ્યાર્થીઓ-યુવાનોને મદદરૂપ થવાના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ આજથી બે માસ માટે સ્પર્ધાત્મક પરિક્ષાના માર્ગદર્શક વર્ગોનો પ્રારંભ કરાયો છે.

આ વર્ગોના શુભારંભ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસારે વિધ્યાર્થીઓને જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીનો સમાજને સહાયભૂત થવાનો આ એક નમ્ર પ્રયાસ છે. ગુજરાતમાં જુદાં જુદાં સંવર્ગો માટે થનારી ભર્તી પરિક્ષા, બેંકિંગની પરિક્ષામાં ઉપયોગી થાય તેવાં મેથ્સ – રીઝનીંગ, અંગ્રેજી અને સામાન્ય અભ્યાસના મુદ્દા પર આ વર્ગોમાં વિશેષ ભાર આપવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી એચ. કે. સેન્ટર ખાતે સતત બે માસ સોમવારથી શુક્રવાર ૩-૩૦ થી ૫-૩૦ આ વર્ગો ચાલનાર છે. આ વર્ગોમાં નિયમીત હાજરી આપી ગુજરાત યુનિવર્સિટીના નિષ્ણાંત અધ્યાપકોના જ્ઞાનનો લાભ લઇને ઉચ્ચ કારકિર્દી બનાવવા વિધ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. રૂપિયા ૨૦૦૦/- ની ટોકન ફી ભરીને ગુજરાત યુનિવર્સિટીની સમાજ ઉપયોગી સેવાનો, વિધ્યાર્થીલક્ષી, યુવાનલક્ષી સેવાનો લાભ લેવા તેઓશ્રીએ સમાજને અનુરોધ કર્યો છે. આ વર્ગોમાં સોમવાર સુધી જરૂરિયાતવાળા વિધ્યાર્થી - યુવાનો પ્રવેશ મેળવી શકશે.

------